સવારે ચા સાંજે
અકિલા
ન્યુઝ .કોમ

# રૂા.૧૨ લાખના ચેક રિટર્ન કેસના આરોપીને બે વર્ષની સજા અને રૂા. ૧૨ લાખનો દંડ ફટકારતી અદાલત

રાજકોટ, તા. ૨૫ : ફરીયાદીની મોટી રકમ ઓળવી જવાના ઈરાદે પ્રોમીસરીનોટ લખી આપી રકમ ઉછીની લઈ રૂા. ૧૨,૦૦,૦૦૦/-નું ચીટીંગ કરનાર આરોપી રામ પ્રોટીન પ્રા.લી. વાળા લલીતભાઈ ચંદુલાલ વસોયાને ૨ વર્ષની સજા તથા રૂા. ૧૨,૦૦,૦૦૦/-દંડ તથા જો દંડની રકમ ન ભરે તો વધુ ૬ માસની સજા કોર્ટે ફટકારી હતી.

આ અંગેની વિગત એવી છે કે, જતીનભાઈ જગદીશભાઈ ધામેલીયા પાસેથી આરોપી લલીતભાઈ ચંદુલાલ વસોયાએ તા.૪-૧-૨૦૧૬ના રોજ અંગત સંબંધના દાવે રકમ રૂા. ૧૨,૦૦,૦૦૦/- ઉછીના માંગેલ જેથી ફરીયાદીએ તા.૪-૧-૨૦૧૬ના રોજ ફરીયાદીની બેંક સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાના ખાતામાંથી આર.ટી.જી.એસ.થી રકમ રૂા. ૧૨,૦૦,૦૦૦/- આરોપી લલીતભાઈ ચંદુલાલ વસોયાના ખાતામાં જમા કરાવેલ અને તે અન્વયે તા.૫-૧-૨૦૧૬ના રોજની પ્રોમીસરી નોટ પણ લલીતભાઈએ ફરીયાદીને લખી આપી એવું પાકુ વચન-વિશ્વાસ અને ભરોસો આપેલ કે ફરીયાદીને ૬(છ) માસમાં ઉછીની લીધેલ રકમ ચૂકવી આપશે.

પ્રોમીસરીનોટમાં ઉલ્લેખ કરેલ મુદત ૬(છ) માસ વિત્યે ફરીયાદીને લલીત ચંદુલાલ વસોયાએ નાણા પરત ન આપતા ફરીયાદી જતીનભાઈને લલીત ચંદુલાલ વસોયાએ તા. ૫-૧૨-૨૦૧૬ના રોજ રૂા.૧૨,૦૦,૦૦૦/-નો આરોપીની બેન્ક આઈ.સી.આઈ.સી.આઈ. બેન્કનો ચેક લખી આપેલ. ફરીયાદી જતીનભાઈને લલીત ચંદુલાલ વસોયાએ રૂા. ૧૨,૦૦,૦૦૦/-નો આરોપીની બેંકનો આપેલ ચેક ફરીયાદીએ તેમની બેંકમાં જમા કરાવવાની કાર્યવાહી કરતા ઉપર મુજબનો ચેક પરત ફરેલ હતો જેથી ફરીયાદીએ કેસ કરેલ હતો.

ચેક આપ્યા બાદ ઈરાદાપૂર્વક ચેક મુજબની રકમ ફરીયાદીને ન મળે તે માટે ખાતામાં ભંડોળ રાખેલ નહીં અને ચેક મુજબની ફરીયાદીની કાયદેસરની લેણી રકમ ન ચૂકવતા રાજકોટના ચીફ જયુડી. મેજીસ્ટ્રેટની કોર્ટમાં ધી નેગોશીએબલ ઈન્ટુમેન્ટ એકટની કમલ ૧૩૮ હેઠળ ફોજદારી કેઈસ કોર્ટમાં ફરીયાદીના એડવોકેટની દલીલોને ધ્યાને લઈ આરોપી લલીત ચંદુલાલ વસોયાને ફોરજદારી કેઈસ નં. ૮૯૧/૨૦૧૭ના કામમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૫ (૨) તથા ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કમલ ૧૩૮ના ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવેલ અને આરોપી લલીત ચંદુલાલ વસોયાને કોર્ટ દ્વારા-૨(બે) વર્ષની સાદી કેદની સજા કરવાનો હુકમ તથા રૂા. ૧૨,૦૦,૦૦૦/- દંડ તથા જો આ કામનો આરોપી આ દંડની રકમ જમા ન કરાવે તો વધુ ૬ (છ) માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવેલ છે.

ફરીયાદી જતીનભાઈ જગદીશભાઈ ધામેલીયા વતી રાજકોટના એડવોકેટ નલીનભાઈ કે. શુકલ, અભિષેક એન. શુકલ, જયકુમાર એન. શુકલ, ભરત ટી. ઉપાધ્યાય, રાજેશ કે. દલ, ધર્મેશ કે. દવે, અજયભાઈ કે. પરમાર તથા સંદીપ ડી. મોઢા રોકાયેલા હતાં.(૮.૧૫)

## રાઠોડ પરિવાર ગુરૂવારે નવ

રાજકોટ : અહિંના પોપટપરા પોસ્ટ ઓ
સ્વ. અમરસિંહ તથા લલીતાબેન રાઠોડ પરિ
મુકેશભાઈ રાઠોડના જન્મદિનનો પ્રસંગ ઉજવ
કલાકે થાંભલી રોપાશે. ડાકલાને ખમકારની
રાત્રીના મહાપ્રસાદ રાખેલ છે. (મો.૯૮૯૮